પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૧૧૮ | ૮ જુલાઈ, ૨૦૧૯, સોમવાર; અષાઢ સુદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# દક્ષિણ ગુજરાતમાં મેઘરાજા મૂશળધાર

**વલસાડ-વાપીમાં વરસાદી આફત : વાપીમાં સૌથી વધુ ૧૦ ઇંચ તો કપરાડામાં ૮.૧૫ અને વલસાડમાં ૮ ઇંચ વરસાદ : નવસારીની ઔરંગા નદીમાં ઘોડાપૂર : દમણગંગા નદી ધસમસતા પ્રવાહ સાથે બે કાંઠે : મધુબન ડેમથી પાણી છોડાતા નાગરિકોને એલર્ટ : નીચાણવાળા વિસ્તારમાં પાણી ભરાતા લોકો ત્રાહીમામ્ : દ.ગુજરાત અને સૌરાષ્ટ્રમાં ૪૮ કલાક ભારે વરસાદની આગાહી : તંત્ર એલર્ટ પર**



અમદાવાદ, તા.૭

દક્ષિણ ગુજરાતમાં છેલ્લા ચાર-પાંચ દિવસથી મેઘરાજા જાણે કે, ધમાકેદાર બેટીંગ કરી રહ્યા છે. છેલ્લા ૨૪ કલાકમાં પણ મેઘરાજાની દક્ષિણ ગુજરાતમાં મેઘરાજાએ તોફાની ઈનીંગ રમતાં સર્વત્ર જળબંબાકારની સ્થિતિ સર્જાઈ હતી. વાપીમાં દસ ઈંચ, વલસાડમાં સાડા આઠ ઈંચ, કપરાડામાં સાડા આઠ ઈંચ, ધરમપુરમાં આઠ ઈંચ, ઉમરગામમાં છ ઈંચથી વધુ અતિ ભારે વરસાદ નોંધાયો હતો, તો અન્ય જિલ્લા-તાલુકાઓ અને પંથકોમાં પણ આ પ્રકારનો સારો અને ભારે વરસાદ નોંધાયો હતો. જેના કારણે વાપી, વલસાડ, ઉમરગામ સહિતના કેટલાક સ્થળોએ લોકોના ઘરોમાં પાણી ઘૂસી ગયા હતા તો, માર્ગો પર ઘૂંટણસમા પાણી ફરી વળ્યા હતા. અતિ ભારે વરસાદના કારણે નવસારીની ઔરંગા નદીમાં ઘોડાપૂર આવતાં જાણે ગાંડીતૂર બની હતી, જેને લઈ તંત્ર દ્વારા ખાસ એલર્ટ જારી કરાયું હતું. બીજીબાજુ, દમણગંગા નદી પણ ધસમસતા પ્રવાહ સાથે બે કાંઠે વહી રહી હતી અને સાંજ સુધીમાં તો તેના પાણી પર તટની બહાર ધસી આવતાં રિવરફ્રન્ટ અને જૂનો પુલ બંધ કરવામાં આવ્યા હતા. આમ, આજે ઔરંગા અને દમણગંગામાં ઘોડાપૂર આવતાં આસપાસના વિસ્તારોના લોકોને સલામત સ્થળે ખસેડી દેવાયા હતા. બીજીબાજુ, વલસાડના મધુબન ડેમના દરવાજા ખોલાતાં નીચાણવાળા વિસ્તારમાં એલર્ટ અપાયુ હતું. સમગ્ર દક્ષિણ ગુજરાતમાં ભારેથી અતિ ભારે વરસાદને લઈ સર્વત્ર જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે. ભિલાડ ચેક પોસ્ટ નજીક હાઈ વે પર પાણી ભરાવાના કારણે ટ્રાફિક જામ સર્જાયો હતો. વાપી જીઆઈડીસી નજીક પણ પાણી

● અનુસંધાન પાન-૭ પર

## કોંગીના મહાસચિવ પદેથી જ્યોતિરાદિત્યનું રાજીનામું

**ટ્વિટર ઉપર સિંધિયાએ માહિતી આપી : પ્રિયંકા વાઢેરા રાજીનામુ આપશે કે કેમ તેને લઇને પ્રશ્નો**



ભોપાલ, તા. ૭

લોકસભા ચૂંટણીમાં કારમી હાર થયા બાદ કોંગ્રેસ છાવણીમાં ઉથલપાથલનો દોર જારી રહ્યો છે. પહેલા કોંગ્રેસ પ્રમુખ પદેથી રાહુલ ગાંધીએ અને હવે જ્યોતિરાદિત્ય સિંધિયાએ પણ રાજીનામુ આપી દીધું છે. જ્યોતિરાદિત્ય સિંધિયાએ કોંગ્રેસના મહાસચિવપદેથી રાજીનામુ આપી દીધું છે. પોતાના ઓફિશિયલ ટ્વિટર એકાઉન્ટથી સિંધિયાએ આ અંગેની માહિતી આપી છે. સિંધિયાએ કહ્યું છે કે, જનાદેશનો સ્વીકાર કરીને અને જવાબદારી સ્વીકારીને ઓલ ઈન્ડિયા કોંગ્રેસ સમિતિના મહાસચિવ પદેથી રાજીનામુ રાહુલ ગાંધીને સોંપી દીધું છે. તેમના પર વિશ્વાસ કરીને મોટી જવાબદારી આપવા બદલ તેઓ રાહુલ ગાંધીનો આભાર માને છે.

# કર્ણાટકમાં ઘેરી બનતી રાજકીય કટોકટી

**સરકાર બચાવવા કોંગ્રેસ-જેડીએસ સક્રિય : મુંબઈની હોટલમાં પહોંચેલા અસંતુષ્ટોને મનાવવા પ્રયાસો જારી : બેઠકોના દોરની વચ્ચે મુખ્યમંત્રી કુમારસ્વામી અમેરિકાથી પરત ફર્યા : પોતાના ધારાસભ્યો અને અન્યો સાથે બેઠક : સ્પીકરના નિર્ણય ઉપર તમામની નજર**

બેંગ્લોર, તા. ૭

કર્ણાટકમાં કોંગ્રેસ-જેડીએસ ગઠબંધન સરકાર ગંભીર સંકટમાં ફસાઈ ગઈ છે. જો ૧૩ ધારાસભ્યોના રાજીનામાને સ્વીકાર કરી લેવામાં આવશે તો મુખ્યમંત્રી કુમારસ્વામીના નેતૃત્વમાં ગઠબંધન સરકાર લઘુમતિમાં આવી જશે. જો કે, કોંગ્રેસ અને જેડીએસના નેતૃત્વ દ્વારા નારાજ થયેલા ધારાસભ્યોને મનાવવા માટેના તમામ પ્રયાસ થઈ રહ્યા છે. મુખ્યમંત્રી કુમારસ્વામી પણ અમેરિકાથી કટોકટી વચ્ચે તરત પરત ફર્યા છે. દિલ્હીથી તેઓ વિમાન મારફતે સીધીરીતે બેંગ્લોર પહોંચી ગયા છે જ્યાં પાર્ટીના નેતાઓ સાથે ઈમરજન્સી બેઠક યોજી રહ્યા છે. સાથે સાથે જેડીએસના ધારાસભ્યોને પણ મળી ચુક્યા છે. બીજી બાજુ કોંગ્રેસ ધારાસભ્યોની ૯મી જુલાઈના દિવસે બેઠક

● અનુસંધાન પાન-૭ પર

## ન્યુઝ ટ્રેક

### મિલિંદ દેવરાનું રાજીનામુ

મુંબઈ કોંગ્રેસ અધ્યક્ષ મિલિંદ દેવરાએ પોતાના પદેથી રાજીનામુ આપી દીધુ છે. તેઓએ કહ્યુ છે કે તેઓ પાર્ટીને મજબૂત કરવા માટે રાષ્ટ્રીય સ્તર પર પોતાની ભૂમિકા નિભાવશે.

### હોંગકોંગમાં ફરી પ્રદર્શન શરૂ

હોંગકોંગમાં સરકાર વિરોધી હજારો પ્રદર્શનકારીઓએ એક રેલીનું આયોજન કર્યુ હતુ. હોંગકોંગના રહેવાસીઓ માટે ચીને બનાવેલ એક કાયદાના વિરોધમાં આ પ્રદર્શન કરવામાં આવી રહ્યુ છે. છેલ્લા એક મહિનાથી અહીં દેખાવો યોજાઈ રહ્યા છે.

### ઉત્તરપ્રદેશમાં કામચોર અધિકારીઓને હટાવાયા

પોતાના કામમાં ઢીલ કે કામચોરી કરનાર અધિકારીઓને ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે હટાવી દીધા છે. આ અધિકારીઓ પાસેથી જવાબ માંગવામાં આવ્યો છે. આ જાણકારી મુખ્યમંત્રી કાર્યાલય દ્વારા ટ્વીટરના માધ્યમથી આપવામાં આવી છે.

# વર્લ્ડ કપમાં સેમિફાઈનલ મેચો માટે તખ્તો તૈયાર

**ભારત ન્યુઝીલેન્ડ વચ્ચે પ્રથમ સેમિફાઇનલ ૯મીએ રમાશે : બીજી સેમિફાઇનલમાં ઓસ્ટ્રેલિયા ૧૧ જુલાઈએ યજમાન ઇંગ્લેન્ડ સામે ટકરાશે**

માનચેસ્ટર, તા.૭

આઈસીસી વર્લ્ડકપ ૨૦૧૯ની સેમિફાઈનલ મેચો માટે તખ્તો ગોઠવાઈ ચુક્યો છે જેના ભાગરુપે ભારત શ્રીલંકાને હાર આપ્યા બાદ પોઈન્ટ ટેબલમાં પ્રથમ સ્થાને પહોંચી ગયું છે અને તે પોઈન્ટ ટેબલમાં ચોથા નંબર પર રહેલી ન્યુઝીલેન્ડની ટીમ સામે રમશે જ્યારે પોતાની છેલ્લી મેચમાં દક્ષિણ આફ્રિકા સામે પરાજિત થયા બાદ ઓસ્ટ્રેલિયા પોઈન્ટ ટેબલમાં બીજા સ્થાને પહોંચી જતાં તે પોતાની બીજી સેમિફાઈનલ મેચ ઈંગ્લેન્ડ સામે ૧૧મી જુલાઈના દિવસે રમશે. આની સાથે જ સેમિફાઈનલની રોમાંચકતા માટે કાઉન્ટડાઉનની શરૂઆત થઈ ચુકી છે. ભારતે છેલ્લી મેચમાં શ્રીલંકાને સાત વિકેટે હાર આપી હતી જ્યારે ઓસ્ટ્રેલિયાએ પોતાની છેલ્લી મેચ ૧૦ રને આફ્રિકા સામે ગુમાવી દીધી હતી. બીજી સેમિફાઈનલમાં ઓસ્ટ્રેલિયા બીજા નંબર પર રહ્યા બાદ ત્રીજા નંબર રહેલી ઈંગ્લેન્ડની ટીમ સામે રમશે. ભારત અને ન્યુઝીલેન્ડની ટીમો લીગ તબક્કામાં વરસાદ પડી જવાના કારણે આમને સામને આવી શકી ન હતી. વરસાદના કારણે આ મેચ ધોવાઈ ગઈ હતી. સેમિફાઈનલની વાત કરવામાં આવે તો ઈતિહાસ ભારતીય ટીમની સાથે દેખાય છે.

વિશ્વકપના ઈતિહાસની વાત કરવામાં આવે તો ભારતે હજુ સુધી સાત સેમિફાઈનલ મેચો રમી છે જે પૈકી ચારમાં જીત મેળવી છે.

### પોઈન્ટ ટેબલમાં કોણ કયા સ્થાને

| ટીમ | મેચ | જીત | હાર | રનરેટ | પોઈન્ટ |
|---|---|---|---|---|---|
| ભારત | ૯ | ૧ | ૧ | ૦.૮૦૯ | ૧૫ |
| ઓસ્ટ્રેલિયા | ૯ | ૭ | ૨ | ૦.૮૬૮ | ૧૪ |
| ઈંગ્લેન્ડ | ૯ | ૬ | ૩ | ૧.૧૫૨ | ૧૩ |
| ન્યુઝીલેન્ડ | ૯ | ૫ | ૩ | ૦.૧૭૫ | ૧૧ |
| પાકિસ્તાન | ૯ | ૫ | ૩ | -૦.૪૩ | ૧૧ |
| શ્રીલંકા | ૯ | ૩ | ૪ | -૦.૯૧૯ | ૮ |
| આફ્રિકા | ૯ | ૩ | ૬ | -૦.૦૩ | ૭ |
| બાંગ્લાદેશ | ૯ | ૩ | ૫ | -૦.૪૧ | ૭ |
| વિન્ડિઝ | ૯ | ૨ | ૬ | -૦.૨૨૫ | ૫ |
| અફઘાન | ૯ | ૦ | ૯ | -૧.૩૨૨ | ૦ |

## ડાન્સર સપના ચૌધરી આખરે ભાજપમાં જોડાયા



નવીદિલ્હી, તા. ૭

હરિયાણાની લોકપ્રિય ડાન્સર અને ગાયિકા સપના ચૌધરી આખરે સત્તાવારરીતે ભારતીય જનતા પાર્ટીમાં સામેલ થઈ ગઈ છે. આજે ભાજપના એક કાર્યક્રમમાં સપના ચોધરીએ મેમ્બરશીપ મેળવી લીધી હતી. આજે ભાજપના કાર્યક્રમમાં સપના ચૌધરી ઉપસ્થિત રહી હતી. આ પ્રસંગે શિવરાજસિંહ ચૌહાણ, મનોજ તિવારી, હર્ષવર્ધનસિંહ જેવા અનેક સિનિયર નેતા ઉપસ્થિત રહ્યા હતા. દિલ્હીના જવાહરલાલ નહેરુ સ્ટેડિયમમાં ભારતીય જનતા પાર્ટીના સભ્ય અભિયાનની શરૂઆત થઈ હતી. આ કાર્યક્રમમાં સપના ચૌધરી ભાજપની મેમ્બર બની ગઈ હતી. લોકસભા ચૂંટણી ૨૦૧૯થી પહેલા સપના ચૌધરીને લઈને ભારે સસ્પેન્સની સ્થિતિ બનેલી હતી. પહેલા સપના ચૌધરી કોંગ્રેસમાં સામેલ થઈ હોવાના અહેવાલ આવ્યા હતા. કેટલાક ફોટાઓ આવ્યા બાદ એવું જાણવા મળ્યું હતું કે, સપના ચૌધરી કોંગ્રેસમાં સામેલ થઈ છે પરંતુ ત્યારબાદ સપનાએ પોતે મિડિયામાં આવીને ખુલાસો કરવામાં આવ્યો હતો કે, આ પ્રકારના અહેવાલ આધારવગરના છે. પ્રચાર દરમિયાન સપના ચૌધરી ભાજપના દિલ્હી અધ્યક્ષ મનોજ તિવારી સાથે પણ નજરે પડી હતી.

## આજે આરબીઆઈ બોર્ડને નિર્મલા સીતારામન સંબોધશે

**બજેટની ચાવીરુપ જાહેરાતો અંગે માહિતી આપશે : ફિસ્કલ કન્સોલીડેશન રોડમેપની રૂપરેખા પણ રજૂ કરશે**

મુંબઈ, તા. ૭

નાણામંત્રી નિર્મલા સીતારામન આવતીકાલે સોમવારના દિવસે આરબીઆઈના સેન્ટ્રલ બોર્ડની બજેટ બાદની બેઠકને સંબોધન કરશે. આ બેઠકમાં સીતારામન બજેટના ચાવીરુપ મુદ્દાઓ ઉપર વિસ્તારપૂર્વક રજૂઆત કરશે. ફિસ્કલ કન્સોલીડેશન રોડમેપને લઈને નાણામંત્રી રજૂઆત કરનાર છે. તેમના સંબોધનને લઈને આરબીઆઈના સેન્ટ્રલ બોર્ડના અધિકારીઓમાં પણ ઉત્સુકતા દેખાઈ રહી છે. સરકારે જીડીપીના ૩.૩ ટકા સુધી ફિસ્કલ ડેફિસિટના ટાર્ગેટને ઘટાડી દીધો છે. વચગાળાના બજેટ અંદાજથી ૬૦૦૦ કરોડ રૂપિયાનો વધારાનો રેવેન્યુ આંકડો ઉભો કરવાની પણ બજેટમાં યોજના રજૂ કરાઈ છે. ફેબ્રુઆરી મહિનામાં સરકારે પોતાના વચગાળાના બજેટમાં વર્તમાન નાણાંકીય વર્ષ માટે જીડીપીના ૩.૪ ટકા ફિસ્કલ ડેફિસિટ માટેનો અંદાજ રજૂ કર્યો હતો. કેન્દ્ર સરકાર ફિસ્કલ ડેફિસિટને ઘટાડવાની રૂપરેખા ધરાવે છે. ૨૦૨૦-૨૧ સુધી જીડીપીના ત્રણ ટકા સુધી ખર્ચ અને મહેસુલ વચ્ચેના અંતરને ઘટાડવાની યોજના ધરાવે છે. નાણામંત્રી બજેટમાં કરવામાં આવેલી અન્ય જાહેરાતોના સંદર્ભમાં બોર્ડના અધિકારીઓને વાકેફ કરશે. અર્થતંત્રમાં તમામ સેક્ટરોને સ્પર્શ કરીને વિકાસને વેગ આપવા માટે બજેટમાં કરાયેલી જાહેરાતો અંગે વાત કરશે. અધિકારીઓના કહેવા મુજબ ૨૦૨૪-૨૫ સુધી ભારતીય અર્થતંત્રને પાંચ ટ્રિલિયન ડોલરનું અર્થતંત્ર બનાવવાની યોજના તૈયાર કરવામાં આવી છે. બજેટમાં મૂડીરોકાણને વધારવા માટે ઉડ્ડયન ક્ષેત્ર, વિમા ક્ષેત્ર અને મિડિયા સેક્ટરમાં વધુ નાણાંની વાત કરવામાં આવી છે. આવી જ રીતે અર્થતંત્રમાં નવા પ્રાણ ફૂંકવા મૂડીરોકાણને વધારવાની પણ વાત કરવામાં આવી છે. રિઝર્વ બેંકે પહેલાથી જ હાઉસિંગ ફાઈનાન્સ કંપનીઓ પર નિયંત્રણો લાદ્યા છે.

# એર ઈન્ડિયામાં ૧૦૦ ટકા હિસ્સો વેચવાની હિલચાલ

નવી દિલ્હી, તા. ૭

કેન્દ્ર સરકારે દેવામાં ડૂબેલી સરકારી એરલાઈન્સ એર ઈન્ડિયાને વેચવા માટે નવેસરથી વિચારણા કરવાની શરૂઆત કરી દીધી છે. એર ઈન્ડિયામાં ૧૦૦ ટકા હિસ્સેદારી વેચવાની યોજના સરકાર ધરાવે છે. નવા પ્લાન હેઠળ આ હિસ્સેદારી વેચવા અંગે ટૂંક સમયમાં જ નિર્ણય કરવામાં આવશે. આ સંદર્ભમાં અંતિમ નિર્ણય મંત્રીઓના એક પેનલ દ્વારા કરવામાં આવશે. મૂડીરોકાણ અને જાહેર સંપત્તિ સંચાલનના સચિવ અતાનુ ચક્રવર્તીએ કહ્યું છે કે, જો મૂડીરોકાણકાર કંપનીની સમગ્ર હિસ્સેદારી ખરીદવા માટે ઈચ્છુક છે તો બરોબર બાબત છે પરંતુ આ સંદર્ભમાં હાલમાં અમે કોઈ માહિતી આપવા માટે ઈચ્છુક નથી.

સરકાર તરફથી હિસ્સેદારી વેચાણને લઈને કોઈ અડચણો નથી. એરલાઈન કંપનીને છેલ્લા વર્ષે વેચવા માટેની યોજના નિષ્ફળ સાબિત થઈ હતી. ત્યારબાદ સરકારે આને વેચવા માટે ફરી એકવાર તૈયારી દર્શાવી છે. સરકારે ગયા વર્ષે આના વેચાણને હોલ્ડ ઉપર રાખવાના કારણે તેલની કિંમતોમાં અસ્થિરતા રહી હતી. ઓઈલ કિંમતોની અસ્થિરતા માટેનું કારણ આપીને હિસ્સેદારી વેચવા માટેની પ્રક્રિયા રોકી દેવામાં આવી હતી. નીતિ આયોગે કંપનીની સમગ્ર હિસ્સેદારી વેચવા માટેની દરખાસ્ત રજૂ કરી હતી પરંતુ સરકારે એક વ્યૂહાત્મક રોકાણકારને ૭૪ ટકા હિસ્સેદારી વેચવાની ઓફર કરી હતી પરંતુ આ સમજૂતિ થઈ શકી ન હતી. સરકાર હવે કંપનીની ૧૦૦ ટકા હિસ્સેદારી વેચવાની યોજના ધરાવે છે.

**ગયા વર્ષે નિષ્ફળતા મળ્યા બાદ ફરીવાર તૈયારી : નવા પ્લાન હેઠળ હવે આક્રમક રીતે આગળ વધાશે : અંતિમ નિર્ણય મંત્રીઓના એક પેનલ દ્વારા ટૂંકમાં લેવામાં આવશે**

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225

